# ઉઘાડ નીકળતા નગરજનોને રાહત

ગાંધીનગર, તા. ૨૯

છેલ્લા ત્રણ દિવસથી ધોધમાર વરસી રહેલા મેઘરાજાએ આજે વિરામ લીધો હતો. બપોરે થોડીકવાર માટે ઉઘાડ નીકળતા વસાહતીઓને રાહત થઈ છે.

ચોમાસાના બીજા રાઉન્ડમાં ગાંધીનગરમાં બારે મેઘ ખાંગા થયા હતા. છેલ્લા ત્રણ દિવસથી ગાંધીનગરમાં સતત વરસાદ પડી રહ્યો હતો. શહેરમાં ઠેર ઠેર પાણી ભરાઈ ગયા હતા. ભારે વરસાદના કારણે સેક્ટર-૧નું તળાવ પણ ઉભરાઈ ગયું હતું. પવન સાથે વરસાદ પડતાં વૃક્ષોનો સોથ વળી ગયો હતો. ગઈકાલે રાત્રે ૫૬ મી.મી. વરસાદ પડ્યા બાદ આજે વરસાદે ખમૈયા કર્યા હતા આજે દિવસ દરમ્યાન એકાદ ઝાપટુ પડતા માત્ર ૭.૫ મી.મી. જેટલો નજીવો વરસાદ નોંધાયો હતો. બપોરે થોડીકવાર માટે તડકો પણ નીકળ્યો હતો. છેલ્લા લગભગ એક અઠવાડિયાથી વરસાદી માહોલ રહ્યા બાદ આજે ઉઘાડ નીકળતા વસાહતીઓને રાહત થઈ હતી. ખાસ કરીને ગૃહિણીઓએ રાહતનો શ્વાસ લીધો હતો. ભેજયુક્ત કપડાંઓને ગૃહિણીઓએ ઉઘાડમાં સુકવ્યા હતા. વરસાદ બંધ થતા વસાહતીઓ સાબરમતીમાં આવેલા પાણી અને સેક્ટર-૧નું તળાવ જોવા ઉમટ્યા હતા.



ધોધમાર વરસાદે નગરજનોની બધી ફરીયાદોને ધોઈ નાંખી છે. સાબરમતી નદીમાં પાણી વહેતું થયું છે તો ભારે વરસાથી શહેરમાં ઠેર ઠેર પાણી ભરાયા છે. સેકટર-૪ના ઓમકારેશ્વર મંદિર પાસેના મેદાનમાં પાણી ભરાતા જાણે નાનકડા સરોવરનું નિર્માણ થયું છે. (તસવીર : દિપક જાની)

## જિલ્લા માહિતી અધિકારી બદલાયા

ગાંધીનગર, તા.૨૯

છેલ્લા ઘણા વર્ષોથી ગાંધીનગર જિલ્લા માહિતી અધિકારી તરીકે ફરજ બજાવતા નાયબ માહિતી નિયામક કુ. પ્રજ્ઞાબેન પટેલની બદલી વડી કચેરીના પ્રકાશન વિભાગમાં કરવામાં આવી છે. કુ. પ્રજ્ઞાબેન પટેલના સ્થાનેગુજરાત પાક્ષિકના નાયબ માહિતી નિયામક પદે ફરજ બજાવતા શ્રી નરેશ ચૌધરીની બદલી કરવામાં આવી છે. અન્ય એક ઓર્ડરમાં માહિતી કમિશનરશ્રીની કચેરી સ્થિત ન્યુઝ એન્ડ મિડીયા રીલેશન શાખાના નાયબ માહિતી નિયામકની ખાલી પડેલી જગ્યાએ શ્રી કમલેશ ભાવસારને નિમણુંક આપવામાં આવી છે.



### વરસતા વરસાદમાં મસાલેદાર ખીચડી જમાડી

સતત વરસી રહેલા વરસાદથી ઝૂંપડપટ્ટીમાં રહેતા લોકોનું જીવન યાતનાઓમાં વીતી રહ્યું છે. ઘરનો ચૂલો સળગવો મુશ્કેલ બન્યો છે. બળતણ પાણીમાં ગરકાવ થયું છે ત્યારે પેટનો ખાડો પૂરવો મુશ્કેલ થઈ ગયું છે. ભારત વિકાસ પરિષદ ગાંધીનગર દ્વારા ઘ-૫, ઘ-૬ તેમજ નગરમાં રહેતા ઝુંપડપટ્ટીના રહીશોને ગરમા ગરમ મસાલા ખીચડી પીરસી હતી. ચાલુ વરસાદમાં ગરમ ખોરાક મળશે તેવું કયારેય વિચાર્યું ન હતું. ઝૂંપડપટ્ટીના લોકોના ચહેરા પર ખુશીનો પાર રહ્યો ન હતો. સેવાકીય કાર્યમાં પરિષદના ૭૦થી વધુ સભ્યો જોડાયા હતા.

# ગાંધીનગર જિલ્લા-શહેર કોંગ્રેસ ગુરૂપૂર્ણિમા પર્વ મનાવશે

## ગાંધીનગર, દહેગામ, કલોલ અને માણસામાં કોંગ્રેસના કાર્યકરો, અગ્રણીઓ પર્વની ઉજવણી કરશે

ગાંધીનગર, તા.૨૯

દરેક મનુષ્યના જીવનમાં ગુરૂનું મહત્વ હોય છે અને ગુરૂ પણ હોય છે. આગામી ૩૧ જુલાઈના રોજ ગુરૂપૂર્ણિમાના દિવસે નગરજનો ધામધૂમથી ગુરૂપૂર્ણિમા પર્વની ઉજવણી કરશે. ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ ચારેય તાલુકામાં ગુરૂપૂર્ણિમા નિમિત્તે ગુરૂ પૂજન કરશે.

ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ ગુરૂપૂર્ણિમા મહોત્સવ ઉજવશે. પ્રદેશ અધ્યક્ષ ભરતસિંહ સોલંકી, વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાની પ્રેરણાથી જિલ્લાના તમામ ચાર તાલુકામાં ગુરૂપૂર્ણિમા મનાવશે. દહેગામ, માણસા, કલોલ, ગાંધીનગરના ધાર્મિક સ્થળે કાર્યક્રમ યોજાશે.

જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સુર્યસિંહ ડાભીએ જણાવ્યું છે કે, દહેગામમાં તાલુકા કોંગ્રેસ દ્વારા ગોપાલજી મંદિર, ગાયત્રી મંદિર અને લાલજી મંદિરમાં સવારે ૯.૩૦ વાગે, માણસામાં હરિઓમ આશ્રમ પુંધરા ખાતે સવારે ૧૦-૦૦ વાગે, કલોલમાં કાશી વિશ્વનાથ આશ્રણ વાયણા ખાતે સવારે ૧૦.૩૦ વાગે કલોલ શહેર કોંગ્રેસ દ્વારા કપિલેશ્વર મહાદેવ કલોલ ખાતે ૧૦.૩૦ કલાકે ગુરૂપૂજન કરાશે. તેમજ ગાંધીનગર તાલુકા અને પેથાપુર શહેર કોંગ્રેસ દ્વારા કાલિકા મંદિર, પેથાપુર-રાંધેજા ખાતે સવારે ૧૧-૦૦ વાગે, જિલ્લા એન.એસ.યુ.આઈ., યુવક કોંગ્રેસ દ્વારા ગાંધીનગર શહેર, દહેગામ અને કલોલમાં આવેલ શાળા કોલેજમાં સવારે૯-૦૦ વાગે, જિલ્લા કોંગ્રેસના આગેવાનો, ધોળેશ્વર મહાદેવ ધોળાકુવા ખાતે, ગુરૂપૂર્ણિમા પર્વ મનાવશે.

તાલુકા-શહેર આગેવાનો, તાલુકા જિલ્લા પંચાયતના પદાધિકારીઓ, યુવક કોંગ્રેસ એનએસયુઆઈ, મહિલા કોંગ્રેસ, સેવા દળ અને વિવિધ સેલ ડીપાર્ટમેન્ટના હોદ્દેદારો વગેરે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ગુરૂપૂજન કરી સમાજમાં સદાય ગુરૂ પદના ઉચ્ચ આસને બિરાજમાન થઈ સમાજમાં સૌહાર્દ અને સેવાના ભેખને ચરિતાર્થ કરનારા પ્રાતઃ સ્મરણીય ગુરૂજનોનું સન્માન કરી આશીર્વાદ પ્રાપ્ત કરશે. જેથી સૌ કાર્યકર આગેવાનોને જે તે શહેર તાલુકામાં ગુરૂપૂર્ણિમાના દિવસે યોજાનાર ગુરૂપૂજનના વિશેષ કાર્યક્રમોમાં અચુક સમયસર કાર્યકરો સાથે ઉપસ્થિત રહેવા જિલ્લા કોંગ્રેસે અખબારી યાદીમાં જણાવાયું છે.

### દિવ્ય જીવન સંઘ પૂજા અર્ચન કરશે

દિવ્ય જીવન સંઘ ગાંધીનગર શાખા આગામી તા. ૩૧ જુલાઈ સવારે ૮.૩૦ કલાકે કાર્યાલય સેકટર-૨૭ આનંદનગર પ્લોટ નં. ૨૦૫ ખાતે ગુરૂપૂર્ણિમા નિમિત્તે પૂજા અર્ચન કરશે. ધાર્મિક કાર્યક્રમનો લાભ લેવા નગરજનોને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## કનેક્ટીવીટીના અભાવે નગરના અનેક એટીએમ બંધ રહ્યા

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગરમાં આજે વરસાદી વાતાવરમના કારણે લૉ કનેક્ટીવીટીની સમસ્યા સર્જાઈ હતી. કનેક્ટીવીટીની તકલીફના કારણે ઘણી બધી બેંકોના એટીએમ મશીન બંધ રહ્યા હતા. જેના કારણે ગ્રાહકોને મુશ્કેલી પડી હતી. જે એટીએમ મશીન ચાલુ હતા ત્યાં લાંબી કતારો પણ જોવા મળી હતી. ઘણા ગ્રાહકોએ બેંકની શાખામાં જઈને એટીએમ બંધ હોવાની ફરિયાદો પણ કરી હતી. જેના કારણે કર્મચારીઓ સાથે નાની મોટી બોલાચાલી થવાના પ્રસંગો પણ સર્જાયા હતા.

# સેક્ટર-૧૭/૨૨ સામે પાર્ક થયેલી બે ગાડીઓના કાચ ફોડીને ચોરી

## સિનિ. વકીલની ગાડીમાંથી રૂ. ૧૯,૧૦૦ ભરેલી બેગની ઉઠાંતરી : વરસાદમાં રૂપિયા પલળી ન જાય તે માટે ખિસ્સામાંથી કાઢીને કેશ બેગમાં મુકીને ગયા હતા

ગાંધીનગર, તા. ૨૯

શહેરના સે. ૧૭/૨૨ ખાતે એસ.બી.આઈ. બેંકની સામે આજે બપોરના અરસામાં એક જ કલાકમાં બબ્બે ગાડીઓના કાચ ફોડીને ગઠીયો રૂ. ૧૯,૧૦૦ રોકડા તથા અન્ય જરૂરી દસ્તાવેજોની ઉઠાંતરી કરી ફરાર થઈ ગયો હતો. સે. ૨૧ પોલીસે બંને કારના માલીકોની એક ફરીયાદ લઈને ઘટનાની તપાસ શરૂ કરી છે. બે ગાડીઓ પૈકી એસએક્સ-૪ ગાડીમાંથી રોકડ રકમ ચોરાઈ હતી જે શહેર સિનિ. વકીલ રસેશભાઈ માંકડની ગાડી હતી.

સેક્ટર-૨૨ ખાતે રહેતા સિનિ. વકીલ તથા પ્રોફેસર રશેષભાઈ યોગેન્દ્રભાઈ માંકડ આજે બપોરે રૂ. ૧૯,૧૦૦ રોકડા ખિસ્સામાં મુકીને નાગરીક બેંકમાં સ્ટેમ્પીંગ કરાવવા જવા નીકળ્યા હતા. દરમ્યાન સે. ૧૭/૨૨ ખાતે એસ.બી.આઈ. બેંકમાં પણ કામ હોવાથી પહેલા ત્યાં ગાડી પાર્ક કરી વરસાદ હોવાથી રૂપિયા પલળે નહિ તે માટે બેગમાં કેશ મુકી હતી અને કેશ ભરેલી બેગ ગાડીમાં મુકીને એસ.બી.આઈ.માં ગયા હતા. જ્યારે પરત ફર્યા ત્યાં સુધીમાં તેમની એસ.એક્સ-૪ ગાડી નં. જીજે-૧૮-એ.એચ. ૫૨૬૦નો કાચ ફોડીને અંદરથી કેશ ભરેલી બેગ તથા જરૂરી દસ્તાવેજોની ઉઠાંતરી કરી ગઠીયો ફરાર થઈ ગયો હતો.

તે જ કલાકમાં બીજી એક ગાડી નં. જીજે-૧૮-બી.એ. ૫૬૭૬નો પણ કાચ ફોડ્યો હતો. દહેગામના વખતસિંહ અમરસિંહ ચૌહાણની આ ગાડીના કાચ ફોડી અંદરથી કોઈ મોટી રકમ ન મળતા દસ્તાવેજોની ઉઠાંતરી કરી ચોરો ફરાર થઈ ગયા હતા. આ મામલે સે. ૨૧ પોલીસે ગુનો નોંધી પીએસઆઈ બી.કે. અસારીએ ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.



### મીડિયા ફેડરેશને માહિતી કમિશનરને આવેદન પાઠવ્યું

મીડિયા ફેડરેશન ગાંધીનગર દ્વારા આજે માહિતી કમિશનરને જાહેરખબરના દર બાબતે આવેદન પત્ર પાઠવવામાં આવ્યું હતું. માહિતી કમિશનર એસ.બી. રાવલને રજૂઆત કરવામાં આવી હતી કે ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિઝનને માન આપીને તેમના કાર્યકાળ દરમિયાન ઘડાયેલ નીતિ અન્વયે નવા દર કરાર કરવામાં આવે તેવી અખબારોના પ્રકાશકો, મુદ્રકો અને તંત્રીઓએ માંગ કરી હતી. (તસવીર : દિલીપ પ્રજાપતિ)

# વાવોલ સહિતના ગ્રામ્ય વિસ્તારમાં વીજ કટોકટી યથાવત

## વરસાદી પાણીથી ગ્રામજનોએ ન્હાવા-ધોવાના કાર્યો કર્યા : ઈલે. મોટરો બંધ રહેતા ફ્લેટોની ઓવરહેડ ટાંકીઓ ખાલીખમ : ગૌરીવ્રત અને જયા-પાર્વતીના વ્રત માટે તૈયાર થવામાં પણ મહિલાઓને તકલીફ પડી : રાત્રિના સમયે ભેંકાર વાતાવરણ અને મચ્છરોનો ત્રાસ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગરના નજીકના ગ્રામ્ય વિસ્તાર વાવોલ, કોલવડા, પેથાપુર વગેરે વિસ્તારમાં છેલ્લા ચાર દિવસથી વીજ કટોકટી સર્જાતા



(તસવીર : સમીર રામી)

ગ્રામજનો અને આ વિસ્તારમાં નવી વિકસેલ સોસાયટીઓના રહીશો ત્રાહીમામ પોકારી ગયા છે. ચક્રવાતી વરસાદમાં વીજ થાંભલા ધરાશાયી થવાને કારણે સર્જાયેલ વીજ કટોકટીના કારણે ગ્રામજનોને પીવાના પાણીના પણ ફાંફા થઈ પડ્યાં છે. તેમજ અનેક પ્રકારની નાની મોટી તકલીફો ભોગવવી પડી રહી છે.

ગ્રામ્ય વિસ્તારના રહીશોને પીવા તેમજ વાપરવા માટેના પાણીની ભારે હોલાકી સર્જાઈ હતી. છેવટે વરસાદી પાણીને સંગ્રહિત કરીને કામ ચલાવવાના ઉપાયો હાથ ધરવા પડ્યા હતા. સતત ત્રણ-ત્રણ રાત્રિથી લાઈટો ના હોવાને કારણે મચ્છરોના ડંખથી નાના ભૂલકાંઓ સહિત તમામ રહીશો ત્રસ્ત થઈ જવા પામ્યાં હતા. મહિલાઓ માટે તો ફ્રિઝ, ટીવી સહિતના તમામ ઉપકરણો બંધ રહેવાથી દિવસ પસાર કરવો મુશ્કેલ થઈ પડ્યો હતો. આ સાથે ગૌરીવ્રત તેમજ યુવાન મહિલાઓ માટેના જયા-પાર્વતી વ્રતનો પ્રારંભ થતાં સવારથી જ વિવિધ તકલીફોનો સામનો કરવો પડ્યો હતો. વહેલી સવારે અંધકારના કારણે વ્રત કરતી મહિલાઓને પોતે તૈયાર થવામાં અને પૂજાપો તૈયાર કરવામાં પણ મુશ્કેલી પડી હતી. બીજા દિવસે તો વાપરવાનું પાણી ખુટી જતાં રહીશોને ન્હાવા-ધોવાના કાર્યો અટકી પડ્યા હતા. છેવટે સતત વરસી રહેલા વરસાદના પાણીનો આશરો લેવો પડ્યો હતો.

### પીવાના પાણી માટે ફાંફા

આ ગ્રામ્ય વિસ્તારમાં નવા ફ્લેટ્સ, એપાર્ટમેન્ટસ અને ટેનામેન્ટસ વગેરેની સોસાયટીના રહીશોને ઈલેક્ટ્રીક મોટરો બંધ રહેતા ઓવરહેડ ટાંકીઓમાં પાણી ખુટી પડ્યું હતું. છેવટે ઘણા રહીશોએ મિનરલ પાણીની બોટલો મંગાવવી પડી હતી. આ ઉપરાંત મોબાઈલ ફોનના પણ ચાર્જિંગ ના થઈ શકવાથી યુવાનો સહિત તમામ રહીશોમાં તેમના કામ અને નેટસર્ફિંગ-ચેટિંગ વગેરે અટકી પડવાથી ભારે રોષ વ્યાપ્યો હતો. બુધવાર મોડી રાત્રિ સુધી લાઈટો આવી નહોતી અને છેક ગુરૂવારે લાઈટો આવશે તેવા સમાચાર વહેતા થતા ગ્રામજનોમાં ખાસ કરીને મહિલા વર્ગ વીજ કંપની પર ભારે ફિટકાર વરસાવ્યો હતો.

વારંવાર લાઈટો ગુલ થવાની સમસ્યાનો સામનો કરી રહેલા આ વિસ્તારના રહીશો અને ગ્રામજનો દ્વારા હવે વીજ કંપની આ પ્રકારની મુશ્કેલીઓ ફરીવાર ના સર્જાય તેવી વ્યવસ્થા ગોઠવે તેવી માંગ કરી રહ્યાં છે.

### વ્રત કરનારી બહેનોને સંબોધવા જનરેટરની વ્યવસ્થા કરવી પડી

વાવોલના સુપ્રસિદ્ધ સિદ્ધનાથ મહાદેવ મંદિરે આજે સવારે જયા-પાર્વતીના વ્રત માટે મહિલાઓ મોટી સંખ્યામાં ઉમટી પડી હતી. આ મહિલાઓને વ્રતની વિધિ કરાવવા માટે આમ તો મંદિરમાં માઈક-સ્પીકરની વ્યવસ્થા છે પરંતુ લાઈટો ના હોવાથી મુશ્કેલી સર્જાઈ હતી. મહિલાઓના કોલાહલમાં વિધિ સાંભળવામાં સતત મુશ્કેલી પડી રહી હતી. છેવટે મંદિરમાં તાત્કાલિક જનરેટરની વ્યવસ્થા કરીને માઈક-સ્પીકર ચાલુ કરાયા હતા. આ બધી ધમાલમાં પહેલે દિવસે જ મહિલાઓને મોડુ થઈ જવા પામ્યું હતું.

# વૃદ્ધાશ્રમોના વડીલોની સેવા કરતા બાદલ પલાડીયાને ‘એન્કરેજમેન્ટ એવોર્ડ’

ગાંધીનગર, તા. ૨૯

તમારો વિચાર જે દિવસે તમારી મૂડી બની જશે તે દિવસથી જીંદગીના તમામ ચઢાવ-ઉતારની તમને કોઈ ફિકર નહી રહે. આ શબ્દો છે લોકલાડીલા મિસાઈલમેન સ્વ. એ.પી.જે. અબ્દુલ કલામના અને આ શબ્દોને સાર્થક કર્યા છે. ગાંધીનગરની સી.એમ. નર્સિંગ કોલેજના વિદ્યાથી બાદલ પલાડીયાએ આ યુવાને ગાંધીનગર જિલ્લા સહિતના અનેક વૃદ્ધાશ્રમોમાં મફત તબીબી સેવાઓ પુરી પાડવાના કાર્યમાં પ્રસંશનીય સેવાઓ આપતા સનસેટ મેડિકલ રીલીફ ફાઉન્ડેશન દ્વારા એન્કરેજમેન્ટ એવોર્ડથી સન્માનવામાં આવ્યો છે.

સતત સાત મહિના સુધી બાદલ પલાડીયાએ વૃદ્ધાશ્રમોમાં જઈને વડીલોની શક્ય હોય તેટલી સેવા કરી છે અને તે પણ પુરા ઉત્સાહ અને પ્રસન્ન ચિત્તે સનસેટ મેડિકલ



રીલીફ ફાઉન્ડેશનના પ્રમુખ ડૉ. શશાંક સિમ્મી અને ઉપપ્રમુખ ડૉ. પરેશ ગજ્જર તથા ડૉ. ચૌહાણના હસ્તે બાદલને તેની ઉત્કૃષ્ઠ સેવાઓ માટે ‘એન્કરેજમેન્ટ એવોર્ડ’ આપવામાં આવ્યો હતો.

ઉત્રે ઉલ્લેખનીય છે કે સનસેટ મેડિકલ રીલીફ ફાઉન્ડેશનની રાજભવનના મેડીકલ ઓફિસર ડૉ. શશાંક સિમ્પી, સિવિલ હોસ્પિટલના આરએમઓ ડૉ. ચૌહાણ અને આઈસીયુ વિભાગના ડૉ. પરેશ ગજ્જર સહિત સ્ટાફ નર્સો દ્વારા તા. ૨૨મી એપ્રિલ ૨૦૧૦ના રોજ સ્થાપના કરવામાં આવી હતી. આ ફાઉન્ડેશન ગાંધીનગરતેમજ આસપાસના જિલ્લાના વૃદ્ધાશ્રમોમાં તદન મફતમાં તબીબી સારવાર અને વિના મૂલ્યે દવાઓનું વિતરણ કરે છે.

## રાજ્ય કક્ષાનો વનમહોત્સવ કાર્યક્રમ મોકુફ જિલ્લા સ્તરે પણ કાર્યક્રમો નહિં યોજાય

ગાંધીનગર, તા. ૨૯

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલના વરદ હસ્તે ભીનાર, તા. વાંસદા, જિ. નવસારી ખાતે તા. ૩૦ જુલાઈ-૨૦૧૫ના રોજ યોજાનાર ૬૪મો રાજ્યકક્ષાનો વન મહોત્સવ કાર્યક્રમ મોકુફ રાખવામાં આવ્યો છે, તેમ અધિક અગ્રમુખ્ય વન સંરક્ષકશ્રીની યાદીમાં જણાવાયું છે.

યાદીમાં વધુમાં જણાવ્યાનુસાર ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામનું તા. ૨૭-૭-૨૦૧૫ના રોજ થયેલા દુઃખદ અવસાનના કારણે ૭ દિવસનો રાષ્ટ્રીય શોક જાહેર થયેલ હોઈ તા. ૩૦-૭-૨૦૧૫ના રોજ રાજ્ય સ્તર તથા જિલ્લા સ્તરના કાર્યક્રમો જે મંત્રીશ્રીઓની ઉપસ્થિતિમાં યોજાવાના હતા તે તમામ વન મહોત્સવ કાર્યક્રમો મોકુફ રાખવામાં આવ્યા છે.

## ગુપ્તા સ્પોર્ટસ ઈન્ડસ્ટ્રીઝ અને જાગૃત વસાહત ફોરમ દ્વારા ૧૫મી ઓગષ્ટ રાષ્ટ્રીય પર્વે વિશિષ્ઠ કાર્યક્રમો

ગાંધીનગર, તા. ૨૯

ગુપ્તા પરિવારના નિવૃત્ત એરફોર્સ ઓફિસરશ્રી ઉમેશ ગુપ્તાજી તેમજ ગુપ્તા સ્પોર્ટસ ઈન્ડસ્ટ્રીઝને પાંચ વર્ષ પૂર્ણ થતાં તેમના સહયોગથી જાગૃત વસાહત ફોરમ સેક્ટર-૧૪ના ઉપક્રમે ગુપ્તા કોમ્પલેક્ષ પાસે ૧૫મી ઓગષ્ટ સ્વાતંત્ર્ય દિનની ભવ્ય ઉજવણી કરવામાં આવશે. જેમાં દેશ-ભક્તિના ગીતો, ધ્વજવંદન, રમત-ગમત સ્પર્ધા, સાંસ્કૃતિક કાર્યક્રમ, સેક્ટર-૧૪ના ધોરણ-૧ થી ૧૨ મેરીટમાં પ્રથમ ત્રણ વિદ્યાર્થી, વિદ્યાર્થીનીઓને ઈનામ, વિશિષ્ટ પ્રતિભાશાળી મહાનુભાવોનું તેમજ ૭૫ વર્ષથી ઉપરના સીનીયર સીટીઝનોનું સન્માન-બહુમાન મહાનુભાવોના વરદ હસ્તે કરવામાં આવશે. આ કાર્યક્રમમાં ભાગ લેવા સૌને જરૂરી માહિતી, માર્કશીટ પુરી વિગત સાથે ગુપ્તા કોમ્પ્લેક્ષના ડ્રોપ બોક્ષમાં તા. ૫-૮-૨૦૧૫ સુધીમાં મુકવા નમ્ર વિનંતી છે. આ કાર્યક્રમમાં સેક્ટર-૧૪ના સૌ વસાહતીઓને ભાગ લેવા તેમજ સાથ-સહકાર સહયોગ આપવા નમ્ર અપીલ કરવામાં આવે છે.

## ઝુલેલાલ મંદિરમાં ગુરૂપૂર્ણિમા પર્વ ઉજવાશે

ગાંધીનગર, તા. ૨૯

સેક્ટર-૩૦ સ્થિત ઝુલેલાલ મંદિર ખાતે પંચમ ગુરૂ-પૂર્ણિમાના પાવન પર્વની ઉજવણી કરવામાં આવશે. તા. ૩૧ જુલાઈ શુક્રવાર સવારે ૫.૦૦ વાગે કાકડ અને પૂજા-પાઠ, ૮.૦૦ કલાકે પાદુકા પૂજન તેમજ ૧૨.૦૦ વાગ્યે મધ્યાહન આરતી સાંજે ૫.૦૦ વાગે ૧૦૮ દીવડાઓની મહા આરતી કરાશે. જેનો લાભ લેવા ભાવિક ભક્તો તેમજ નગરજનો ગાંધીનગરના પ્રમુખ લાલચંદ ગોપલાણી અને સાંઈ પરિવાર તરફથી ભાવ-ભર્યુ આમંત્રણ આપવામાં આવેલ છે.

## આવતીકાલે સમદર્શન આશ્રમ ખાતે ગુરૂપૂર્ણિમા મહોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગરના સે-૧માં સમદર્શન આશ્રમ ખાતે તા. ૩૧મી જુલાઈ શુક્રવારે ગુરૂપૂર્ણિમા મહોત્સવ ઉજવાશે. વેદાંતના ગહન રહસ્યોને સાધકોના હૃદયમાં ઉદઘાટિત કરનાર વાત્સલ્ય મૂર્તિ પૂ. ગુરૂમા સમાનંદ સરસ્વતીજીના દર્શન, પૂજન અને આશીર્વચન મેળવવા શ્રધ્ધાળુઓ ઉમટશે.

સમદર્શન આશ્રમમાં યોજાનાર ગુરૂપૂર્ણિમા મહોત્સવમાં સવારે ૭ કલાકે ગુરુ પરંપરા પૂજન અને ૯ કલાકે પૂ.ગુરૂમાનું પૂજન યોજાશે. ત્યારબાદ ૧૦ કલાકે ભાવાભિવ્યકિત યોજાશે અને ૧૦.૩૦ કલાકે પૂ. ગુરૂમા સાધકોને ઉદબોધન કરશે. કાર્યક્રમના અંતમાં ૧૧.૩૦ કલાકે મહાપ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી છે. ગુરૂપૂર્ણિમા મહોત્સવના મુખ્ય યજમાન પદે પ્રકાશભાઈ અને ભાવનાબહેન વઘાસીયા ઉપરાંત વાડીભાઈ અને જયશ્રીબહેન પટેલ બિરાજમાન થશે.


ટચુકડી જાહેર ખબર

દર ગુરુવારે-રવિવારે

ગાંધીનગર સમાચાર

ફોન : ૨૩૨૨૨૫૭૧